જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૫/૨૦૨૧ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૮૧૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૮/૦૫/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૪૫૪ | ૩ | ૧૧૪૫૭ | ૧૭૫૭૩ | ૩ | ૧૭૫૭૬ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૦૮ | ૦ | ૪૭૦૮ | ૬૨૪૩ | ૦ | ૬૨૪૩ |
| ૩ | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૮૦ | ૦ | ૮૦ | ૨૮૭ | ૦ | ૨૮૭ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૪૩૬૬૬ | ૩૪૪ | ૪૪૦૧૦ | ૪૪૫૯૨ | ૩૨૭ | ૪૪૯૧૯ |
| કુલ | | ૫૯૯૦૮ | ૩૪૭ | ૬૦૨૫૫ | ૬૮૬૯૫ | ૩૩૦ | ૬૯૦૨૫ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૫૬ | ૧,૪૨,૪૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૮૯૭ | ૧૮,૯૭,૦૦૦/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## રામોલ પોલીસ સ્ટેશન :

**અમદાવાદ શહેર ના અલગ અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાથી સી.એન.જી ઓટોરીક્ષા ની ચોરી કરતા ઈસમને ઝડપી પાડતી રામોલ પોલીસ**

**અલગ અલગ વિસ્તારમાથી ચોરી કરેલ છ(૬) સી.એન.જી.ઓટોરીક્ષા કિંમત રૂપિયા ૨,૮૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે એક ઈસમ ઝડપાયો**

મે.પો.ક.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પો.ક.શ્રી "આઈ" ડીવીઝન સાહેબની સુચના મુજબ તેમજ પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન સર્વે સ્કોડના પો.સ.ઈ બી.આર.ભાટી તથા એ.એસ.આઈ. હિરેન્દ્રસિંહ અનોપસિંહ તથા અ.પો.કો. જયરાજસિંહ વિક્રમસિંહ બ.નં.૫૬૦૪ તથા અ.પો.કો. લાલજીભાઇ જહાભાઇ બ.નં.૬૪૬૨ તથા અ.પો.કો. જયવીરસિંહ ઘનશ્યામસિંહ બ.નં.૭૦૫૬ તથા સ્ટાફના માણસો સાથે વાહના ચોરીના ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ પો.સ્ટે વીસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના અ.પો.કો.જયરાજસિંહ વિક્રમસિંહ બ.નં.૫૬૦૪ તથા અ.પો.કો લાલજીભાઇ જહાભાઇ બ.નં.૬૪૬૨ તથા અ.પો.કો.જયવીરસિંહ ઘનશ્યામસિંહ બ.નં.૭૦૫૬ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે રામોલગામ ત્રણ રસ્તા પાસે પંચો સાથે વોચ તપાસ કરતા આરોપી મહેબુબ @ કાણીયો યુનુસભાઇ મંસુરી ઉવ.૨૨ રહે ૧૨૩ મદનીનગર જનતાનગર રામોલ અમદાવાદ શહેર નાને રીક્ષા નં. જી.જે-૨૭-વી-૨૩૮૧ કિંમત રૂપીયા ૩૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી આરોપીની વધુ પુછપરછ કરતા નીચે જણાવેલ પોલીસ સ્ટેશન વિસ્તારમાથી રીક્ષાની ચોરી કરીને અલગ અલગ જગ્યાએ મુકી રાખેલ હોય જે તમામ રીક્ષાઓ પંચો રૂબરૂ કુલ છ (૬) રીક્ષા કિ.રૂ.૨,૮૦,૦૦૦/- નો મુદામાલ કબ્જે કરી છ ગુનાનો ભેદ ઉકેલી મુદામાલની રીક્ષાઓ કબ્જે કરી સારી કામગીરી કરવામા આવેલ છે. તા:-૦૯/૦૫/૨૦૨૧

**શોધી કાઢવામા આવેલ ગુનાઓ તથા મુદામાલ**

(૧)રામોલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં..૧૧૧૯૧૦૨૪૨૧૦૭૯૨ ધી ઈ.પી.કો.કલમ ૩૭૯ મુજબરીક્સા નં. જી.જે-૨૭-વી-૨૩૮૧ કીમત રૂપીયા ૩૦૦૦૦/-

(૨)દાણીલીમડા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૨૨૧૦૫૮૨/૨૧ ઈ.પી.કો.કલમ ૩૭૯ મુજબરીક્સા નં. જી.જે-૦૧-ડી.એક્સ-૨૬૩૪ કીમત રૂપીયા ૫૦૦૦૦/-

(૩)દાણીલીમડા પો.સ્ટે ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૨૨૧૦૫૮૫/૨૧ ઈ.પી.કો.કલમ ૩૭૯ મુજબરીક્સા નં. જી.જે-૦૧-ટી.એ-૭૭૨૧ કીમત રૂપીયા ૮૦૦૦૦/-

(૪)કાગડાપીઠ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૫૪૧૦૭૪૪/૨૧ ઈ.પી.કો.કલમ ૩૭૯ મુજબરીક્સા નં. જી.જે-૨૭-વી-૫૨૮૮ કીમત રૂપીયા ૩૦૦૦૦/-

(૫)કારંજ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૭૨૧૦૫૧૬/૨૧ ઈ.પી.કો.કલમ ૩૭૯ મુજબરીક્સા નં. જી.જે-૦૨-વાય.વાય-૧૪૨૬ કીમત રૂપીયા ૪૦૦૦૦/-

(૬)રીક્ષા નં જી.જે-૦૧-ડી.ટી-૩૬૦૮ કિ.રૂ.૫૦૦૦૦-ની તપાસ ચાલુ છે.

## આરોપીનો પુર્વ ઈતિહાસ

(૧) બાપુનગર પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં. ૦૦૮૨/૨૦૧૭ ધી ઈ.પી.કો.કલમ ૩૭૯
(૨) બાપુનગર પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં. ૦૦૯૪/૨૦૧૭ ધી ઈ.પી.કો.કલમ ૩૭૯

## પકડાયેલ આરોપી


મહેબુબ @ કાણીયો યુનુસભાઇ મંસુરી ઉવ.૨૨ રહે ૧૨૩ મદનીનગર જનતાનગર રામોલ અમદાવાદ શહેર



## નારોલ પોલીસ સ્ટેશન :

## બાપુનગર પોલીસ સ્ટેશન ખાતેના મોબાઈલ સ્નેચિંગના અનડીટેકટ ગુનાના કામે ચોરી થયેલ મોબાઈલ ફોન તેમજ ગુનાના કામે ઉપયોગમાં લીધેલ એકટીવા તેમજ અન્ય બે મોબાઈલ ફોન સાથે એક આરોપીને પકડી બાપુનગર પો.સ્ટે ખાતે નો અનડીટેકટ ગુનો શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે ડિવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ મિલ્કત સબંધી ગુનાઓ શોધવા તેમજ અટકાવવા સારૂ સુચના કરેલ હોય જે આધારે સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઈ.ટી.કે.દેવમુરારી સાહેબ તથા પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા અ.હે.કો.હસમુખભાઈ ભાનુભાઈ બ.નં.૪૧૬૦ તથા અ.હે.કો.સરફરાજનવાજ ઈબ્રાહીમમીયા બ.નં.૪૦૦૫ તથા વુ.પો.કો.માયાબેન ભગવાનદાસ બ.નં.૪૬૦૮ તથા અ.પો.કો.મહેશકુમાર બાબુલાલ બ.નં.૧૩૦૮૪ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના અ.હે.કો.હસમુખભાઈ ભાનુભાઈ તથા અ.પો.કો.મહેશકુમાર બાબુલાલ નાઓને સંયુકત બાતમી હકીકત મળેલ " એક કાળા કલરની એકટીવા નં જીજે-૦૧-યુએફ-૩૧૪૮ નો ચાલક પોતાના કબ્જામાં કેટલાક મોબાઈલ ફોનો ચોરી કરી કે છળકપટથી મેળવી લઈ લાંભા ગામ તરફ થી લઈ આવી અત્રે થઈ નારોલ સર્કલ તરફ જવાનો છે "જે બાતમી હકીકત આધારે વોચમાં રહેતાં આરોપી રાહીલ મુશીરઆલમ જાતે અંસારી ઉ.વ.૧૯ રહે-મ.નં.૩૮૯ આંબાવાડીની ચાલી, ગુલશન બેકરીની પાસે રખીયાલ રોડ રખીયાલ અમદાવાદ શહેર નો મળી આવતા બે સેમસંગ કંપનીના મોબાઈલ ફોન તથા એક એમ.આઈ.કંપનીનો મોબાઈલફોન તેમજ એકટીવા મળી કુલ્લે રૂ.૪૪૦૦૦/-ની મત્તાના મુદ્દામાલ મળી આવતાં સી.આર.પી.સી.કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી.કલમ ૪૧(૧)ડી મુજબ કાર્યવાહી કરી વધુ તપાસ કરતાંસેમસંગ કંપનીના મોબાઈલફોન બાબતે બાપુનગર પોલીસ સ્ટેશનપાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૭૨૧૦૮૫૮ /૨૦૨૧ ધી ઇ.પી.કો કલમ ૩૭૯(એ)(૩),૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી આરોપીને બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ગુનાના કામે સોપવાની તજવીજ કરી મોબાઈલ સ્નેચિંગનો અનડીટેકટ ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.તા.૦૯/૦૫/૨૦૨૧



# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**નારોલ પોલીસ સ્ટેશન :**

## લોખંડનો સ્ક્રેપ કોથળાઓમાં ભરી તેનુ કવરીંગ કરી ભારતીય બનાવટના વિદેશીદારૂની ૭૫૦ મીલીની બોટલ નંગ.૪૪૪ તથા ૧૮૦ મીલીના પાઉચ નંગ.૨૨૮ મળી કિ.રૂ.૧,૯૮,૧૨૦/- ની મત્તાનો વિદેશીદારૂનો જથ્થો તથા ટ્રક સહીતનો મુદ્દામાલ કુલ્લે કિ.રૂ.૨૦,૬૯,૩૨૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે રાજસ્થાનના ત્રણ આરોપીને પકડી વિદેશીદારૂનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી " કે " ડીવીજન અમદાવાદ શહેર નાઓ તરફથી પ્રોહીબીશનની પ્રવૃતિ સદંતર નેસ્તનાબુદ કરવા અવારનવાર સુચનાઓ મળેલ હોય જે આધારે પોલીસ ઈન્સપેકટરશ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ રાખી તેમજ બાતમીદારો મારફતે માહિતી મેળવી પ્રોહીબીશનના કેસો કરવા જણાવેલ હોય જે આધારે આજરોજ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઈ.ટી.કે.દેવમુરારી સાહેબ તથા પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા હે.કો.સરફરાજનવાજ ઈબ્રાહિમમીયાં બ.નં.૪૦૦૫ તથા પો.કો.વિજયસિંહ લાખુભા બ.નં.૬૧૭૯ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ તથા પો.કો.હરદીપસિંહ વિજયસિંહ બ.નં.૧૧૮૭ તથા પો.કો.શક્તિસિંહ ઉદેસિંહ બ.નં.૫૭૮૩ તથા પો.કો.રામદેવસિંહ જયેન્દ્રસિંહ બ.નં.૮૨૭૬ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ મહોબતસિંહ બ.નં.૬૩૯૮ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.કો.શકતિસિંહ ઉદેસિંહ તથા પો.કો.હરદીપસિંહ વિજયસિંહ નાઓને સંયુકત બાતમી હકિકત મળેલ કે " એક દશ ટાયરવાળો ટ્રક નં.જીજે.૦૮.વાય.૫૩૨૬ નો ચાલક તથા તેની સાથેના બીજા બે ઈસમો કેટલોક ગેરકાયદેસરનો ભારતીય બનાવટનો વિદેશીદારુનો જથ્થો ભરી રીંગ રોડ અસલાલી સર્કલ તરફથી આવી અત્રે થઈ નારોલ ચાર રસ્તા તરફ જવાના છે." જે આધારે પંચો રૂબરૂ વોચમાં રહેતાં બાતમી હકિકતમાં જણાવેલ નંબરવાળી ટ્રક આવતી જણાતાં તેને કોર્ડન કરી રોકી લઈ તેમાં બેસેલ ટ્રકના ચાલક સાથેના બંને ઈસમોને નીચે ઉતારી નામ ઠામ પુછતાં ટ્રકના ચાલકે પોતાનુ નામ (૧) સંપતલાલ મોહનલાલ જાતે મેવાડા ઉ.વ.૨૮ ધંધો.ડ્રાઈવીંગ રહે.ગામ.કાલીયા કા તલાવ પો.સ્ટ. કુકડા થાના.ભીમ તા.ભીમ જી.રાજસમદ રાજસ્થાન રાજય તથા કલીનર (૨) રામસિંગ દેવીસિંગ જાતે રાવત ઉ.વ.૨૩ ધંધો.કલીનર રહે.ગામ.પીપલીયા રેલ તીતરી ગામની પાસે તા.ભીમ જી.રાજસમદ રાજસ્થાન રાજય તથા (૩)રામસિંગ દેવીસિંગ જાતે રાવત ઉ.વ.૨૩ ધંધો.કલીનર રહે.ગામ.પીપલીયા રેલ તીતરી ગામની પાસે તા.ભીમ જી.રાજસમદ રાજસ્થાન રાજયના હોવાનુ જણાવેલ. જેઓના કબ્જાની ઉપરોકત

ટ્રકમાંથી ભારતીય બનાવટના વિદેશીદારુની ૭૫૦ મીલીની કાચની સીલબંધ બોટલ કુલ ૪૪૪ કિ.રૂ.૧,૭૭,૬૦૦/- તથા ભારતીય બનાવટના વિદેશીદારુના ૧૮૦ મીલીના પુંઠાના સીલબંધ પાઉચ નંગ–૨૨૮ કિ.રૂ.૨૦૫૨૦/– તથા કોથળાઓમાં ભરેલ લોખંડના સ્ક્રેપની બિલ મુજબ કિ.રૂ.૧૧,૬૩,૮૮૦/– તથા મોબાઈલ ફોન નંગ–૦૨ કિ.રૂ.૬૫૦૦/– તથા રોકડા નાણા રૂ.૮૨૦/– તથા અશોક લેલેન્ડ કંપનીના દશ ટાયરવાળા ટ્રકની આશરે કિ.રૂ.૭,૦૦,૦૦૦/- તથા અસલ ડેબીટકાર્ડ, બિલો તથા આર.સી.બુકની નકલ તથા ગાડીના અન્ય કાગળોની નકલો જે તમામની કિ.રૂ.૦૦/૦૦ ગણી તમામની કુલ્લે કિ.રૂ.૨૦,૬૯,૩૨૦/- ની મત્તાનો મુદ્દામાલ સાથે મળી આવી પકડાઈ ગયેલ હોય અને તેઓને વિદેશીદારુનો જથ્થો ભરી આપનાર દિનેશભાઈ રહે.ભીમ રાજસ્થાન તથા વિદેશીદારુનો જથ્થો મંગાવનાર ઉદેસિંહ રૂપસિંહ મારવાડી રહે.ધરતી કોલોની નારોલ અમદાવાદ તથા તપાસમાં મળી આવે તે વિગેરે વિરુધ્ધમાં નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૦૬૬૦/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ), ૬૬(બી), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનો ગુનો રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી કરી વિદેશીદારુનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૦૮/૦૫/૨૦૨૧



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૧૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૫ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી, ૩૦૫ લીટર દેશી દારૂ, ૪૯૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૨૮ ક્વોટર ઇંગ્લીશ દારૂ, ૧૦ બીયરટીન, ૦૨ સ્કુટર અને ૦૧ ટ્રક કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૧,૧૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૧૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૮૧૮/૨૦૨૧**

**શહેરકોટડા** : જીતેન્દ્રકુમાર ધનજીભાઇ મહેરિયા (ઉ.વ.૩૮)(રહે.અશ્વમેગ સોસાયટી, જનરલ હોસ્પીટલ રોડ, રખિયાલ) તા.૦૮/૦૫/૨૦૨૧ ના કલાક ૬/૪૫ વાગ્યાના સુમારે મેમ્કો વિજય ફર્નીચર નામની દુકાન આગળ રોડ ઉપર મિત્રો સાથે ચાલતા પસાર થતા હતા ત્યારે એક ટી.વી.એસ. અપાચી મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) એ ભેગામળી જીતેન્દ્રકુમારના ગળામા પહેરેલ પેન્ડલ સહિતનો સોનાનો દોરો કિંમત રૂપિયા ૨,૭૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની ફરીયાદ જીતેન્દ્રકુમાર મહેરિયા એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આઇ.ચૌધરી ચલાવે છે.

**ગાડીનો કાચ તોડી ચોરી :-** **સમાચાર યાદી નં.૮૧૯/૨૦૨૧**

**આનંદનગર** : ચેતનભાઇ ગુણવંતરાય વ્યાસ (રહે.વિજયનગર સોસાયટી, વિજયનગર ચાર રસ્તા પાસે, નારણપુરા) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૫/૨૦૨૧ બપોરના ૧૨/૩૦ થી ૨/૧૫ વાગ્યા દરમ્યાન આનંદનગર, શેલ્બી હોસ્પીટલની બાજુમા રોડની સાઇડમા પાર્ક કરેલ પોતાની કાર ની ડાબી બાજુના પાછળના દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી લેપટોપ, ચાર્જર, પેનડ્રાઇવ નંગ-૪ અને રોકડ રૂપિયા ૭,૫૦૦/- મળી કુલ રૂપિયા ૪૫,૭૨૫/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી એહમંદખાન અબ્દુલખાન ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૮૨૦/૨૦૨૧**

**કૃષ્ણનગર** : કલ્પનાબહેન અરૂણકુમાર ભટ્ટ (ઉ.વ.૬૨)(રહે.નયનનગર સોસાયટી, કૃષ્ણનગર) એ બે દિવસ પહેલા પોતાનુ આખુ ઘર સેનેટાઇઝ કરેલ હતુ અને તા.૦૭/૦૫/૨૦૨૧ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના રૂમમાં અગરબત્તી કરવા જતા તેનો ગલ નીચે પડતાં આગ લાગતા, કલ્પનાબહેન શરીરે ગંભીર રીતે દાઝી જતા, સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૮/૦૬/૨૦૨૧ સાંજના ૫/૩૦ વાગ્યે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૮૨૧/૨૦૨૧**

**શાહપુર** : હુશેનમીયા ચાંદમીયા શેખ (ઉ.વ.૫૫)(રહે, યુનારાનો ખાંચો, ચિસ્તીયા ફ્લેટ, શાહપુર) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૫/૨૦૨૧ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ફ્લેટના ધાબા ઉપર પાણીની ટાંકીની પાઇપ સાથે દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.પરમાર ચલાવે છે.

**નરોડા** : મધુભાઇ મેઘજીભાઇ ડોબરીયા (ઉ.વ.૫૪) (રહે.દાનેવ પાર્ક સોસાયટી, નિકોલગામ રોડ, અગમ્ય કારણસર તા.૦૭/૦૫/૨૦૨૧ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પોતાની જાતે કોઇ ઝેરી દવા પી લેતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદસિંહ ભીમસિંહ ચલાવે છે.

**બાપુનગર** : દિપકકુમાર કાંતીભાઇ મકવાણા (ઉ.વ.૩૫)(રહે.ગુ.હા.બોર્ડ, ચામુંડા માતાના મંદીર પાસે, બાપુનગર) એ અગમ્ય કારણોસર તા.૦૮/૦૫/૨૦૨૧ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં લાગેલ પાઇપ સાથે સુતરની દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હાર્દિકકુમાર દુર્ગાશંકર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી